# એનલાર્જડ પ્રોસ્ટેટ (enlarged prostate)ની હોમીયોપેથીક સારવાર

પ્રોસ્ટેટ ગ્રંથી (Prostate Gland) ફક્ત પુરુષોમાં હોય છે. આ ગ્રંથી અખરોટ જેટલી મોટી મૂત્રપિંડ (Bladder)ની નીચે જ્યાંથી પેશાબની નળી (Urethra) નીકળે છે એ ભાગમાં હોય છે. પેશાબની નળી (Urethra) પ્રોસ્ટેટ ગ્રંથીની (Prostate Gland) વચ્ચેથી પસાર થાય છે.

વિર્ય (Semen)નો ૫૦-૭૫% હિસ્સો પ્રોસ્ટેટમાંથી નીકળતા સ્રાવથી બનેલો હોય છે. આ સ્રાવને કારણે શુક્રાણુઓ (Sperms) સ્ત્રી યોનીમાં વધુ સમય જીવિત રહી શકે છે.

જ્યારે પ્રોસ્ટેટ ગ્રંથિ (Prostate Gland) મોટી થાય છે ત્યારે એમાંથી પસાર થતી પેશાબની નળી - યુરેથ્રા (Urethra) પર દબાણ કરે છે અને એ નળી સંકોચાવાને કારણે પેશાબ ધીમી ગતિએ નીકળે અને એને કાઢવામાં મૂત્રપિંડે (બ્લેડર, Bladder) જોર લગાવવું પડે છે. સમય જતા Bladderના સ્નાયુ (Muscles) Sensitive અને જાડા થઈ જાય છે અને થોડો પેશાબ આવે તો પણ એને કાઢવા પ્રયત્ન કરે છે, એટલે વારંવાર પેશાબ કરવાની ઈચ્છા થાય છે.


આ તકલીફને એજલાર્જડ પ્રોસ્ટેટ (enlarged Prostate), બીનાઈન પ્રોસ્ટેટ હાઈપર પ્લાસીયા (Benign Prostate Hyperplasia BPH) કહે છે. પુરુષની ૫૦ વર્ષની ઉંમર પછીની સૌથી સામાન્ય તકલીફમાંની આ એક છે. જે ઉંમર વધતા વધે છે.

**લક્ષણો :-** રાત્રે વારે ઘડીએ ઊંઘમાંથી ઊઠી પેશાબ કરવા જવું પડે, પેશાબ કરવા માટે ઉતાવળ કરવી પડે અને જો જલ્દી નહીં જવાય તો કપડા બગડવાનો ભય રહે, પેશાબ કર્યા પછી પણ એવું લાગે કે હજી પેશાબ થવાનો બાકી છે, પેશાબ કર્યા પછી થોડા સમય પછી પાછું પેશાબ કરવાની ઈચ્છા થવી, પેશાબની ધાર ધીમી અથવા નબળી થાય, પેશાબને બહાર નીકળતા વાર લાગે અને પેશાબ કરવામાં જોર લગાવવું પડે, પેશાબ અટકી અટકીને થાય, વારંવાર પેશાબ કરવાની ઈચ્છા થાય, પ્લેનમાં લાંબી સફર વખતે અથવા મીટીંગમાં પણ પેશાબ માટે ઉઠ્યા વગર નહીં રહી શકાય વગેરે...

જ્યારે Bladder પૂરેપૂરું પેશાબથી ખાલી નથી થતું અને એમાં પેશાબ રહી જાય છે તો યુરીન ઈન્ફેક્શન (Urine Infection) થઈ શકે છે, બ્લેડરમાં પથરી (Bladder Stone) થઈ શકે છે, પેશાબ થતો બંધ થઈ જાય (એક્યુટ યુરીનરી રીટેન્શન, Acute Urinary Retention) અને કીડની બગડી (Kidney / Renal Failure ) શકે છે.

નિદાન :- Enlarged Prostateનું નિદાન લક્ષણો દ્વારા તથા લોહીની તપાસ - PSA test (Prostate Specific Antigen) દ્વારા, (CTsCan, MRI, શારીરિક તપાસ - Digital Rectal Exam, Urine Flow Test, Postvoid Residual Volume Test, Trans Rectal ultrasound)

ઉપર જણાવેલ લક્ષણો કોઈક વાર બીજા રોગોમાં પણ જોવા મળે છે. દા.ત. Bladder Stone, પેશાબનું ઈન્ફેક્શન, ડાયાબીટીસ, પ્રોસ્ટેટ કેન્સર




(Prostate Cancer); જ્ઞાનતંતુના રોગ વગેરેમાં અને એટલે જ્યારે BPHનું નિદાન કરવામાં આવે છે ત્યારે આ બધા રોગો વિશે પણ ધ્યાન રાખવામાં આવે છે. અને તેથી બીજી પ્રકારની તપાસ પણ ડોક્ટર કરાવે છે.

એનલાર્જડ પ્રોસ્ટેટ (Enlarged Prostate) વિષે વાત કરું તો સાથે સાથે પ્રોસ્ટેટ કેન્સર (Prostate Cancer) વિશે પણ બે વાત કરી લઉં. પુરુષોમાં થતા કેન્સરોમાં સૌથી સામાન્ય રીતે જોવામાં આવતું કેન્સર એ પ્રોસ્ટેટનું છે. પ્રોસ્ટેટ કેન્સર ધીમે ધીમે વધે છે અને પહેલા તો પ્રોસ્ટેટ પૂરતું સીમિત રહે છે. સામાન્ય સંજોગોમાં એના કોઈ મોટા લક્ષણો નથી હોતા એટલે એનું નિદાન જલદી નથી થતું. એના લક્ષણોમાં આગળ જણાવ્યા લક્ષણોમાંના કોઈ હોઈ શકે. એવું જાણવા નથી મળ્યું કે પ્રોસ્ટેટ કેન્સર શું કામ થાય છે. પ્રોસ્ટેટ કેન્સરને કારણે તથા એની સારવારને કારણે શરીરમાં બીજા ભાગોમાં દા.ત. મુત્રાશય (Bladder), હાડકા, તથા બીજા અવયવોમાં એની અસર થઈ શકે છે; પેશાબનો Control ચાલ્યો જઈ શકે તથા Erectile dysfunction થઈ શકે છે.

**સારવાર :-** પ્રોસ્ટેટ કેટલું મોટું છે, એને લીધે કેટલા પ્રમાણમાં લક્ષણો છે, બીજી કઈ માંદગીઓ છે તથા દર્દીની એ વખતની તંદુરસ્તી કેવી છે એના ઉપર નક્કી થાય કે સારવાર કેવી આપવી.

દવાઓ :- Allopathyમાં Alpha Blockers (Cardun Flomaxi, Uroxatral, Rapaflo), 5alpha Reductase inhibitors (Proscar Avodart) Tadalafil (Cialis), વગેરે દવાઓ અપાય છે.

જો દવાથી સારું નહીં થાય તો શસ્ત્રક્રિયા (Surgery) કરવી પડે.

**શસ્ત્રક્રિયાની આડ અસરમાં :-** રેટ્રોગ્રેડ ઈજેક્યુલેશન Retrograde Ejaculation એટલે વિર્ય બહાર આવવાને બદલે મૂત્રપિંડમાં ચાલ્યું જાય; ઈનકોન્ટીનન્સ (Incontinence - એટલે પેશાબ ઉપરનો Control ચાલ્યો જાય અને પેશાબ ગમે તે સમયે રોકાયા વગર થઈ જાય); ઈરેક્ટાઈલ ડીસ્ફંક્શન (Erectile Dysfunction or Impotence - એટલે શારીરિક સંબંધ વખતે લીંગમાં સખતાઈ નહીં રહે) વગેરે થઈ શકે છે.

હોમીયોપેથીક સારવાર એનલાર્જડ પ્રોસ્ટેટ માટે ઘણી ફાયદાકારક હોય છે. હોમીયોપેથીક દવાથી Enlarged Prostateના લક્ષણો ધીમેધીમે ઓછા થઈને બંધ થઈ જાય છે, તથા PSA Test પણ Normal થઈ જાય છે. હોમીયોપેથીક દવા આપતા પહેલા હોમીયોપેથીક તબીબ દર્દીની સંપૂર્ણ માહિતી લે છે. જેમાં દર્દીની હાલની તકલીફ, ભૂતકાળની તકલીફો/માંદગીઓ, વારસાગત રોગો, દર્દીના શારીરિક, માનસિક (Physical, Mental, Emotional, Psychological) લક્ષણોની નોંધ કરે છે. આ બધી માહિતીનો અભ્યાસ કરીને પછી હોમીયોપેથીક સારવાર અપાય છે.

પ્રોસ્ટેટ કેન્સર માટે પણ આ બધી માહિતી જરૂરી હોય છે. કેન્સર કયા Stageમાં છે એ પ્રમાણે સારવારનું પરિણામઆવે છે. શરૂઆતના Stageમાં સારું થવાની શક્યતાઓ ઘણી હોય છે. કેન્સર જો ઘણું વધી ગયું હોય અને શરીરના બીજા ભાગોમાં પ્રસરી ગયું હોય તો હોમીયોપેથીક દવા એનું જોર ઓછું કરે છે તથા દર્દીને જે પીડા થતી હોય છે એમાં રાહત આપે છે. આમહોમીયોપેથીક દવાઓ પ્રોસ્ટેટની તકલીફમાં ઘણી સારી રીતે દર્દીને મદદરૂપ થાય છે.

**જાતે કરવા જેવું :-** સાંજ પડે પ્રવાહીનું પ્રમાણ ઓછું કરી નાખવું અથવા બંધ કરી દેવું. જ્યારે પેશાબ કરવા જાઓ તો ભલે વાર લાગે પણ Bladder ખાલી થઈ જવા દો. કોઈક વાર ઊભા રહી પેશાબ કરવા કરતા બેસીને પેશાબ કરવામાં આવે તો પેશાબ સારી રીતે કરી શકાય છે. દારૂનું સેવન ઓછું કરવું અથવા બંધ કરવું. દારૂથી પેશાબનું પ્રમાણ વધારે થાય છે તથા Bladder ને Irritate કરે છે. કેફીન (Caffeine) વાળા પદાર્થ - કોફી, કોક (Coke), પેપ્સી (Pepsi) નહીં લેવા. શરદી માટેની દવાથી, નાક ખુલવાની દવાથી Bladderના સ્નાયુઓ (Muscles) કડક થઈ જાય છે એટલે પેશાબ કરવામાં મુશ્કેલી થઈ શકે છે. કાયમ કસરત કરો. ઠંડીમાં જવાનું ટાળો.

તંદુરસ્ત રહો, ખુશ રહો, સુખી રહો.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7.
[Hurontario + Dundas]
[Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2.
[Queen and Centre Street]
[Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4
[Markham road + Nashdene]
[Wednesday 4 pm to 7 pm]

Highest No of Gujarati Writers from CANADA, GUJARAT & USA
EXCLUSIVE INTERVIEWS & INFORMATIVE ARTICLES
# 1 Newspaper for Gujarati Community in Canada
કેનેડામાં ગુજરાતીઓનું ગૌરવ એટલે...
ગુજરાત ન્યૂઝલાઈન
INDO-CANADIAN GUJARATI COMMUNITY NEWSPAPER
GUJARAT NEWSLINE
Pl. call : LALIT SONI at 647 400 6248 for more info.
9 SMITHVILLE DRIVE, BRAMPTON - ON, L6P 2Y5, CANADA
Email: gujaratnewsline@gmail.com